RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 07* Date: 01.11.2020 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## સી પ્લેન સેવાનો વડાપ્રધાનના હસ્તે પ્રારંભ, ૫૦ મિનિટમાં કેવડિયાથી અમદાવાદ પહોંચ્યા મોદી

# પુલવામા હુમલા પર રાજનીતિ કરનારાને દેશ ક્યારેય માફ નહીં કરેઃ મોદી



*કેવડિયા/અમદાવાદ,તા.૩૧*

કેવડિયાસ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન મોદીએ કેવડિયાથી અમદાવાદ સી-પ્લેન સેવાનો પ્રારંભ કરાવ્યો અને મોદી સી-પ્લેનના પહેલા પેસેન્જર બનીને અમદાવાદ રવાના થયા હતા. મોદી સી-પ્લેનમાં બેસે એ પહેલાં તેમને લાઈફ જેકેટ અંગે માહિતી અપાઈ હતી. આ પહેલાં મોદીએ આજે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને અહીં વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા સિવિલ સર્વિસ ટ્રેની ઓફિસરોને પણ સંબોધન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીએ સી પ્લેનમા અમદાવાદથી કેવડિયાની સફર કરી હતી. ત્યારે આ સી પ્લેન આકર્ષણનું કેન્દ્ર બન્યું હતુ. કેવડિયા ખાતે તળાવ નંબર ૩ થી સી પ્લેનએ ઉડાન ભરી હતી, જેના પ્રથમ મુસાફર પીએમ મોદી બન્યા હતા. કેવડિયાથી પીએમ મોદીને નીકળેલું સી પ્લેન ૫૦ મિનીટમાં અમદાવાદ પહોંચ્યું હતું. નર્મદા નદીમાંથી ટેકઓફ થયેલુ સી પ્લેન સાબરમતી નદીમાં લેન્ડ થયું હતુ. પ્રથમ મુસાફરીમાં સી પ્લેને ૫૦ મિનીટ લીધા હતા. ત્યારે સી પ્લેનમાંથી ઉતરીને પીએમ મોદીએ લોકોનું અભિવાદન કર્યું હતું. રિવરફ્રન્ટની આસપાસ મોટી સંખ્યામાં લોકો પીએમ મોદી અને દેશના પ્રથમ સી પ્લેનને નિહાળવા ઉભા હતા. સી પ્લેન લેન્ડ થતા જ લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તો આ સાથે સી પ્લેનને પીએમ મોદીએ દેશને સમર્પિત કર્યું હતું. રિવરફ્રન્ટ પર ૪૫ મિનિટ સુધી રોકાયા બાદ પીએમ મોદી ગુજરાતનો બે દિવસીય પ્રવાસ પૂર્ણ કરી અમદાવાદ એરપોર્ટથી નવી દિલ્હી જવા રવાના થયા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આયોજિત એક કાર્યક્રમમાં પીએમ મોદી લોકોને સંબોધન કરી રહ્યા છે. આજે સરદાર સરોવરથી સાબરમતી રિવર ફ્રન્ટ સુધીની સી-પ્લેન સેવા પણ શરૂ થવા જઈ રહી છે. સરદાર સાહેબના દર્શન માટે હવે દેશવાસીઓ પાસે સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે સી-પ્લેન સેવાનો વિકલ્પ પણ હશે. આ તમામ પ્રયાસો આ ક્ષેત્રામાં પર્યટન વધારે છે. પીએમ મોદીએ ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’પહોંચીને આજે સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું – ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’થી કેવડિયામાં રોજગારની નવી તકો પણ ઉભી થઈ છે.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, આ પણ એક અદ્દભુત સંયોગ છે કે આજે વાલ્મીકિ જયંતિ પણ છે. આજે ભારતની સાંસ્કૃતિક એકતા, તેને જીવંત અને ઉર્જાવાન બનાવવા માટે આપણે જે ભારતનો અનુભવ કરીએ છીએ, તે સદીઓ પહેલા આદિકાવી મહર્ષિ વાલ્મીકી દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૦૧૪માં, અમે સરદાર પટેલનો જન્મદિવસને ભારતની એકતાના તહેવાર તરીકે ઉજવવાનું શરૂ કર્યું. આ ૬ વર્ષમાં દેશે ગામથી શહેરો સુધી, કાશ્મીરથી કન્યાકુમારી સુધી પૂર્વથી પશ્ચિમ સુધી તમામે એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે

પીએમ મોદીએ ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ ના કાર્યક્રમમાં કહ્યું, દેશે કટોકટીમાં તાકાત બતાવી. એકતાની શક્તિ જ આપત્તિ સામે કેવી રીતે લડવું તે શીખવે છે. આખો દેશ કોરોના સંકટ સાથે મળીને લડી રહ્યો છે. સોમનાથે પુનર્નિમાણથી સરદાર પટેલે ભારતના સાંસ્કૃતિક ગૌરવને પાછો અપાવવા માટે જે યત્ર શરૂ કર્યો હતો, તેનો વિસ્તાર દેશે અયોધ્યામાં પણ જોયો છે. આજે દેશમાં રામ મંદિર અંગે સુપ્રીમ કોર્ટના નિર્ણયનો સાક્ષી છે, અને ભવ્ય રામ મંદિર નિર્માણ થતું જોવા મળી રહ્યું છે. આજે આપણે ૧૩૦ કરોડ દેશવાસીઓ એક એવા રાષ્ટ્રના નિર્માણ માટે સાથે મળીને કામ કરી રહ્યા છે, જે સશક્ત અને સક્ષમ બંને છે. જેમાં સમાનતા તેમજ શક્યતાઓ હોવી જોઈએ.

પીએમ મોદીએ જણાવ્યું કે, ફક્ત એક આત્મનિર્ભર દેશ જ તેની પ્રગતિ તેમજ તેની સુરક્ષાની ખાતરી આપી શકાય છે. તેથી, આજે દેશ સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે. એટલું જ નહીં, ભારતની નજર અને સરહદો પ્રત્યેનું વલણ પણ બદલાઈ ગયું છે. આજે ભારતની ધરતી પર નજર રાખનારાઓને યોગ્ય જવાબ મળી રહ્યો છે. આજનો ભારત સરહદો પર સેંકડો કિલોમીટર રસ્તા, ડઝનેક પુલ, ઘણી ટનલ બનાવી રહ્યો છે. આજનું ભારત પોતાની સાર્વભૌમત્વ અને સન્માનની સુરક્ષા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

રાષ્ટ્રીય એકતા દિવસ પર પીએમ મોદીએ આતંકવાદ પર નિંદાકારક હુમલો કર્યો અને કહ્યું કે- કેટલાક લોકો આતંકવાદના સમર્થનમાં ખુલ્લેઆમ સામે આવી ગયા છે. આતંકવાદ અને હિંસાથી ક્યારેય કોઈને ફાયદો થઈ શકતો નથી. પ્રગતિના આ પ્રયત્નોની વચ્ચે આજે અનેક પડકારોનો સામનો ભારત અને આખું વિશ્વને કરવો પડી રહ્યો છે અને કરી રહ્યું છે. વિશ્વના ઘણા દેશોમાં હાલના સમયમાં જે પરિસ્થિતિ સર્જાઇ છે, કેટલાક લોકો આતંકવાદના સમર્થનમાં જે રીતે બહાર આવ્યા છે તે આજે વૈશ્વિક ચિંતાનો વિષય છે. આજના માહોલમાં વિશ્વના તમામ દેશો, તમામ સરકારો, તમામ જાતિઓએ આતંકવાદ સામે એક થવાની જરૂર છે. શાંતિ, ભાઇચારો અને પરસ્પર આદરની ભાવનાએ માનવતાની સાચી ઓળખ છે. આતંકવાદ-હિંસાથી ક્યારેય કોઈને ફાયદો થઈ શકતો નથી.

આપણી વિવિધતા એ આપણું અસ્તિત્વ છે. અમે એક છીએ તો અસાધારણ છે. પણ મિત્રો આપણે એ પણ યાદ રાખવું પડશે કે ભારતની આ એકતા, આ શક્તિ બીજાને ખટકતી પણ રહે છે. તેઓ આપણી આ વિવિધતાને જ તેઓ આપણી નબળાઇ બનાવવા માગે છે. આવી તાકાતોને ઓળખવી જરૂરી છે, જાગ્રત રહેવાની જરૂર છે.

આજે જ્યારે હું અર્ધ સૈનિક દળોની પરેડ જોઈ રહ્યો હતો ત્યારે ધ્યાનમાં બીજી એક તસ્વીર હતી. આ તસવીર પુલવામા હુમલાની હતી. દેશ ક્યારેય ભૂલી શકે નહીં કે જ્યારે તેમના બહાદુર પુત્રોના ગયાથી આખું રાષ્ટ્ર દુઃ ખી થયું હતું, ત્યારે કેટલાક લોકો તે દુઃખમાં સામેલ ન હતા, તેઓ પુલવામા હુમલામાં તેમનો રાજકીય સ્વાર્થ જોઈ રહ્યા હતા.

પીએમ મોદી પુલવામા હુમલાનો ઉલ્લેખ કરતા ભાવુક થયા હતા. તેઓએ જણાવ્યું કે, પુલાવામા હુમલામાં કેટલાક લોકોને રાજકારણ માટેની તક પણ મળી. પુલવામા ઉપર રાજકારણ કરનારાઓને દેશ ક્યારેય ભૂલશે નહીં તે સમયે મેં ઘણી અધમ ટિપ્પણીઓ સાંભળી. પુલવામા હુમલાને લઈને પાકિસ્તાનના સંસદમાં ઈમરાનના મંત્રીએ કબૂલાત કર્યા બાદ પીએમ મોદીએ પહેલી વખત પોતાની પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાને પુલવામા હુમલાની વાત કરતા જણાવ્યું હતું કે, જ્યારે આપણા દેશના જવાન શહીદ થયા હતા, ત્યારે પણ અમુક લોકો ભદ્દી રાજનીતિ કરવામાં પડ્યા હતા. આવા લોકોને દેશ ક્યારેય ભૂલી નહીં શકે.

પીએમે જણાવ્યું કે, તે વખતે પર મારા પર અનેક આરોપો લગાવવામાં આવ્યા હતા, તેમ છતાં મૂંગા મોઢે હું તમામ આરોપો સહેતો રહ્યો હતો. ભદ્દી ભદ્દી વાતો સાંભળતો રહ્યો, મારા દિલ પર ઉંડા ઘા હતા, પરંતુ ગત દિવસોમાં પાડોશી દેશમાંથી જે રીતના અહેવાલો સામે આવી રહ્યા છે, જેમાં તેમને સ્વીકાર કર્યો છે જેનાથી ભદ્દી રાજનીતિ કરનાર પક્ષોનો અસલી ચહેરો સામે આવી ચૂક્યો છે. જે પ્રકારે ત્યાંની સંસદમાં સત્ય સ્વીકારવામાં આવ્યું છે, જેના લીધે તે લોકોના અસલી ચહેરાઓ દેશની સામે લાવી દીધા છે. પોતાના રાજનૈતિક સ્વાર્થ માટે, આ લોકો કંઈ હદ સુધી જઈ શકે છે, પુલવામા હુમલા પછી કરવામાં આવેલી



રાજનીતિ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર પટેલને યાદ કરીને રાજનૈતિક પક્ષોને જણાવ્યું હતું કે, હું એવા રાજનૈતિક પક્ષોને આગ્રહ કરું છું કે દેશની સુરક્ષાના હિતમાં, આપણા સુરક્ષાદળોના મનોબળ માટે, કૃપા કરીને આવી રાજનીતિ ન કરો. આવી ચીજોથી બચો. પોતાના સ્વાર્થ માટે, જાણે અણજાણે તમે દેશ વિરોધી તાકાતોના હાથે રમીને ન તો તમે ક્યારેય દેશનું હિત કરી શકશો અને ન તો તમે પોતાના પક્ષનું સારું વિચારી શકશો..

તાજેતરમાં, પાડોશી દેશમાંથી જે સમાચાર આવ્યા છે, ત્યાંની સંસદમાં સત્યતા સ્વીકારવામાં આવી હોવાથી આ લોકોના વાસ્તવિક ચહેરાઓ દેશમાં ખુલ્લા પડ્યા છે. રાજકીય સ્વાર્થ માટે આ લોકો કેટલી હદ સુધી જઈ શકે છે, તે પુલવામા હુમલા પછી રાજકારણનું એક મોટું ઉદાહરણ છે.

હું આવા રાજકીય પક્ષોને વિનંતી કરીશ કે દેશની સુરક્ષાના હિતમાં આપણા સુરક્ષા દળોના મનોબળ માટે, આવી વસ્તુઓ ટાળવા માટે, રાજકારણ ન કરવું. તમારા સ્વાર્થ માટે, તમે દેશ-વિરોધી દળોના હાથમાં, જાણી જોઈને અથવા અજાણતાં રમીને દેશની કે તમારી પાર્ટીનું હિત કરી શકશો નહીં. આપણે તે હંમેશાં યાદ રાખવાનું છે કે આપણે બધા માટે સર્વોચ્ચ હિત દેશહિત છે. જ્યારે આપણે દરેકના હિતો વિશે વિચારીશું, ત્યારે જ આપણે પ્રગતિ અને પ્રગતિ કરીશું.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૯૩૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૭૨૯૪૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૧૪**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૫૬૨૧૯**

## વડાપ્રધાને કેવડિયામાં આઈએએસ પ્રોબેશનર્સને વર્ચ્યુઅલ સંબોધન કર્યું

# દેશની એકતા અને અખંડતા મજબૂત થાય તેવા નિર્ણયો લેવા જોઈએઃ મોદી

### આજની રાત સૂતા પહેલાં પોતાનાને અડધો કલાક આપો. તમારા કર્તવ્ય, જવાબદારી, પ્રણ અંગે જે તમે વિચારી રહ્યા છો તેને લખીને રાખી લેજો:વડાપ્રધાન

*ન્યુ દિલ્હી,તા.૩૧*

દેશના ભાવિ અધિકારીઓ સાથે વાત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ખાસ આગ્રહ કર્યો છે. સિવિલ સર્વિસ પ્રોબેશનર્સ સાથે તેમણે કહ્યું કે આજે રાત્રે સૂતા પહેલાં તેઓ પોતાના કર્તવ્ય અંગે લખીને રાખી મૂકે. પીએમ મોદીએ કહ્યું કે ‘આ કાગળનો ટુકડો જીવનભર’ તેમની સાથે ‘હૃદયના ધબકારા’ બનીને રહેશે. પ્રધાનમંત્રી મોદીએ અપીલ કરતાં કહ્યું કે ‘સિવિલ સર્વન્ટ જે પણ નિર્ણય લે, તેઓ રાષ્ટ્રીય સંદર્ભમાં હોય, દેશની એકતા અખંડતાને મજબૂત કરવાના હોય.’ તેઓ ગુજરાતના કેવડિયામાં સિવિલ સર્વિસ પ્રોબેશનર્સ સાથે વાત કરી રહ્યા હતા. દેશના પહેલાં ગૃહમંત્રી સરદાર વલ્લભભાઇ પટેલની જયંતી પર તેમની સલાહ પણ પીએમ એ બનનારા અધિકારીઓ સાથે શેર કરી. તેમણે કહ્યું કે દેશના નાગરિકોની સેવા હવે તમારું સર્વોચ્ચ કર્તવ્ય છે.

જયારે તમે બેચ કામ કરવાનું શરૂ કરશો તો તે એ સમય હશે જયારે ભારત પોતાની સ્વતંત્રતાના ૭૫મા વર્ષમાં હશે. તમે જ તે ઓફિસર છો જે એ સમયે પણ દેશ સેવામાં હશો, જયારે ભારત પોતાની સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ મનાવશે.

મારો આગ્રહ છે કે આજની રાત સૂતા પહેલાં પોતાનાને અડધો કલાક આપો. તમારા કર્તવ્ય, જવાબદારી, પ્રણ અંગે જે તમે વિચારી રહ્યા છો તેને લખીને રાખી લેજો. આ કાગળનો ટુકડો જીવનભર તમારા સંકલ્પોને સાકાર કરવા માટે તમારા હૃદયના ધબકારા બનીને તમારી સાથે રહેશે. – વડાપ્રધાન, નરેન્દ્ર મોદી



પટેલે બ્યુરોક્રેસને ‘દેશની સ્ટીલ ફ્રેમ’ કહ્યું હતું. પીએમ મોદીએ અધિકારીઓને તેનો મતલબ પણ સમજાવ્યો. તેમણે કહ્યું કે સ્ટીલ ફ્રેમનું કામ માત્ર આધાર આપવાનું, માત્ર ચાલતી આવતી વ્યવસ્થાઓને સંભાળવાનું જ નથી હોતું. સ્ટીલ ફ્રેમનું કામ દેશને એ અહેસાસ અપાવવાનો પણ હોય છે કે મોટાથી મોટા સંકટ હોય કે પછી મોટાથી મોટા બદલાવ, તમે એક તાકાત બનીને દેશને આગળ વધારવામાં સહયોગ કરીશું.

મોદીએ ભાવિ અધિકારીઓને કહ્યું કે તેઓ દરેક સમયે તેમની સાથે ઉભા છે. તેમણે કહ્યું કે હું તમને વિશ્વાસ અપાવું છું કે પળેપળે તમારી સાથે છું. જ્યારે પણ જરૂર પડે તમે મારો દરવાજો ખખડાવી શકો છો. જ્યાં સુધી હું છું હુંતમારો મિત્ર છું તમારો સાથી છું.

## સુશાસનના મામલે કેરળ અને ગોવા શ્રેષ્ઠ રાજ્ય, ઉત્તરપ્રદેશ નીચલા સ્થાને

*ન્યુ દિલ્હી,તા.૩૧*

પબ્લિક અફેર્સ સેન્ટર (PAC) દ્વારા જાહેર કરવામાં આવેલ પબ્લિક અફેર ઈન્ડેક્સ (PAI 2020) મુજબ મોટા રાજયોની શ્રેણીમાં કેરળ સુશાસનના મામલે દેશનું સર્વશ્રેષ્ઠ રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે, જ્યારે ઉત્તરપ્રદેશ સૌથી નીચલા સ્થાન પર છે. કેન્દ્રશાસિત રાજયોમાં ચંડીગઢ સૌથી શ્રેષ્ઠ તરીકે ઉભર્યું છે.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના પૂર્વ ચેરમેન અને PACના ચીફ કે. કસ્તૂરીરંગને અહેવાલ ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, રાજયોને સ્થાયી વિકાસના સંદર્ભમાં સૂચકઆંક (ઈન્ડેક્સ) આપવામાં આવ્યો હતો. ઈક્વિટી, વૃદ્ધિ અને સ્થિરતા એમ ત્રણ આધારસ્તંભો દ્વારા નિર્ધારિત સ્થાયી વિકાસના સંદર્ભમાં સરકારની કામગીરીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વિશ્લેષણમાં સરકારી સૂત્રો પાસેથી મળેલા ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

દક્ષિણના ચાર રાજયો- કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને કર્ણાટક બે કરોડથી વધુ વસ્તી ધરાવતા ૧૮ મોટા રાજ્યોની યાદીમાં ટોચ પર છે. કેટેગરીમાં નેગેટિવ પોઈન્ટ મેળવીને ઓડિશા અને બિહાર રેક્કિંગમાં સૌથી તળિયે હતા.

બે કરોડથી ઓછી વસ્તી ધરાવતા નાના રાજ્યોની કેટેગરીમાં ગોવા પ્રથમક્રમે છે, ત્યારબાદ મેઘાલય અને હિમાચલ પ્રદેશ છે. આ કેટેગરીમાં મણિપુર, દિલ્હી અને ઉત્તારાખંડનું પ્રદર્શન સૌથી ખરાબ રહ્યું.

PAI ૨૦૨૦ એક નવુ પાસુ એ ડેલ્ટા વિશ્લેષણ પરનું પ્રકરણ છે- રાજ્યનું પ્રદર્શન અને રેંકિંગ પર પરિણામ ૨૦૧૫-૧૬ પછીના પાછલા પાંચ વર્ષોમાં ડેલ્ટા મૂલ્ય તરીકે માપવામાં આવ્યું. જયારે પહેલી PAI 2019-૨૦માં જાહેર કરવામાં આવી હતી, જે PAI ૨૦૨૦ દ્વારા આવરી લેવામાં આવી હતી. રિપોર્ટમાં તેમ પણ કહેવામાં આવ્યું છે કે, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઓડિશા કે જે PAI-2020માં નીચલા સ્થાને છે તે મોટા રાજ્યોની કેટેગરીમાં ઈક્વિટીના મામલે ટોપ પર્ફોર્મ્સ છે. જ્યારે કેરળ, પંજાબ અને મહારાષ્ટ્ર નીચલા સ્થાને છે.

## તંત્રી સ્થાનેથી...

# સ્વાસ્થ્ય પરંપરા ભુલાવવામાં મલ્ટિનેશનલ કંપનીઓની સફળતા માટે દોષી કોણ.....?

દેશમાં કોરોના વાયરસને કારણે મોટાભાગના લોકો આયુર્વેદનું મહત્વ સમજીને આયુર્વેદ તરફ વળવા લાગ્યા છે. આયુર્વેદિક દવા જે તે રોગને જડમૂળથી ખતમ કરે છે.જોકે એલોપેથીક દવાની જેમ ટૂકા સમયમા કે થોડા સમયમાં રોગથી રાહત મળી જાય છે. તેથી આજના જેટ ઝડપી યુગમાં લોકો એલોપથી દવાઓ પસંદ કરે છે. આયુર્વેદ દવા થોડો લાંબો સમય લેવી પડે છે.... પરંતુ રોગને જડમૂળથી ખતમ કરે છે. મોટા ભાગની દવાઓ આયુર્વેદિક જડીબુટ્ટીઓ માંથી બનાવવામાં આવે છે. છતાં આયુર્વેદ દવાની તોલે તો નજ આવે. દેશમાં પશ્ચિમી સંસ્કૃતિનો પ્રવેશ થતા લોકો તેનું અનુકરણ કરવા લાગ્યા તે એટલી હદે પહોંચી ગયું છે કે હવે લોકોના શરીર વિવિધ બીમારીઓનું ઘર બનવા જઈ રહ્યા છે. વિદેશી કપડા ફેશન સુધી તો ઠીક પરંતુ ઈન્સ્ટન્ટ નાસ્તા અને ખોરાક સુધી પહોંચી ગયા છે. વિદેશમાં લોકો તેમના દેશની આબોહવા અને ભૌગોલિક સ્થિતિ અનુસાર ખોરાક ખાય છે. જેમાં મેંદાના લોટની વસ્તુ વધુ પ્રમાણમાં હોય છે. તૈયાર નાસ્તા તથા ખોરાકનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરે છે. તેમજ ફળો તથા તેના પેકિંગ જ્યુસ,પીણાઓનો વધુ ઉપયોગ કરે છે. ઈઝરાયેલમા મોટા ભાગના ઘર આંગણામાં બગીચામાં શાકભાજી અને ફળોનુ વાવેતર કરીને તેનો તથા દૂધ અને બ્રેડનો ઉપયોગ કરે છે. પરંતુ મૂળ વાત એ છે કે ભારતમાં પશ્ચિમી સંસ્કૃતી અને તેની દેખાદેખીના અમલ થયા બાદ ત્યાંના માર્કેટોએ ભારતમાં પ્રવેશ કર્યો અને ભારતીય સંસ્કૃતિ કે પરંપરા અનુસાર રોજિંદી વપરાશની ટાર્ગેટ કરી તેનાથી થતા નુકશાનોની ઉપજાવી કાઢેલી વાર્તાઓ દેશ ભરમા ફેંકવા લાગ્યા જેમાં પ્રથમ તેનો ભોગ મોટા ભાગે શહેરી લોકો બન્યા. પછી ધીરે ધીરે લોકો વિવિધ પ્રકારના સુગંધિત સાબુ, ફળોના જ્યૂસ, ઠંડાપીણાં, તૈયાર નાસ્તા, ઈન્સન્ટટ ખાધ્ય પેકેજો અને ખાણીપીણીના તૈયાર પેકેટો તરફ વળી ગયા. દેશમાં આદિ આનાથી કાળથી વપરાતા વિવિધ ખાદ્ય તેલોનુ જે તે ખોટા બહાના આને હેલ્થ નુકશાનની વાતો ફેલાવીને ફિલ્ટર ખાદ્ય તેલનું રૂપ આપી દીધું. આવી તો ભારતમાં લોકોને હેલ્ધી-સ્વાસ્થપ્રદ રાખતી ઋષિ પરંપરાથી ચાલી આવતી ચીજ વસ્તુઓને ખોટા બહાના-વાર્તા ફેલાવી બદનામ કરીને પોતાના બિઝનેસ વધારવા નવા રૂપ આપી ભારતમાં બિઝનેસની જમાવટ કરી દીધી જો કે ગ્રામ્ય કક્ષાએ આજે પણ આવા બિઝનેસમેનો ખાસ સફળ થયા નથી......!“અને હવે લોકો પણ જાગૃત થતાં પોતાની રુષિ પરંપરા તરફ વળવા લાગ્યા છે.....!

દેશમાં એક સમયે મોટાભાગના લોકો બાવળનુ, ઉમરાનું કે લીમડાના વૃક્ષનું દાતણ કરતા અનેકો મીઠું છાણાની રાખ, ફટકડી કે પછી સરસીયાનુ કે તલનું તેલ વગેરે દાંત અને મોની સફાઈ માટે વાપરતા હતા. તેનાથી લોકોને પોતાના ઉત્પાદનો તરફ વાળવા મલ્ટી નેશનલ કંપનીઓએ તેના ગેરફાયદા ગણાવવાના શરૂ કરીને માર્કેટમાં ટૂથબ્રશ અને ટ્યુબ તેમજ સફેદ પાઉડર વગેરે મૂક્યા. જ્યારે કે આયુર્વેદ પાવરમાં તજ,લવીગ,કપુર સહિતની વિવિધ જડીબુટીઓનો દાંતનો પાવડર બનતો હતો... ત્યારે દાંતમાં રસી નિકળવી,વાળુ ફુલી જવા,મોંમાં દુર્ગંધ આવવા જેવા નુકસાન મલ્ટીનેશનલ કંપનીઓ બતાવતી..... અને આજે તેનાથી તદન ઊલટું થઈ રહ્યું છે. જાહેરખબરોમાં તમારી ટ્યુબમાં નમક છે....?તજનો,લીગનો સ્વાદ છે...? તેનો અર્થ એ કે આયુર્વેદિક જડીબુટ્ટીઓ છે તેવો સવાલ કરીએ તેમની દાંત સફાઈ માટેની ટ્યુબ ની જાહેરાત કરે છે. તો વિવિધ સાબુ બજારમાં મૂક્યા છે તેમાં પણ અલગ-અલગ સુગંધના હોય છે તેઓ જાહેરાતમાં કરે છે ૧૦૦% કિટાણુનાશક, શરીરની ત્વચા મુલાયમ રાખવા,શરીરના નિખાર માટેના સાબુ આવી અનેક જાહેરખબર આવે છે. જ્યારે કે દેશમાં અગાઉના સમયમા અરીઠા, શિકાકાઈ, સોડા, લીમડો, વગેરેનો ઉપયોગ લોકો કરતા હતા તેના સાબુ બનતા હતા. લોકો તેનો ઉપયોગ કરતા હતા જેને મલ્ટીનેશનલ કંપનીઓ શારિરીક નુકશાન બતાવતી હતી. શારિરીક શક્તિ માટે વિટામીન પાવડરનું વેચાણ પુરજોશથી થાય છે તેના સ્વાસ્થ્ય મજબૂતીના ફાયદા બતાવે છે. જ્યારે તેની બનાવટમાં મગફળી, તલ, કોપરાનો ખોળ પણ વાપરવામાં આવે છે......! ભારતમાં આદિ અનાદિકાળથી લોકો મગફળી, તલ, કોપરું વગેરે દેશી ગોળ સાથે ખાતા રહ્યા છે જેના કારણે લોકો સ્વસ્થ,મજબૂત,હેલ્ધી રહેતા હતા. સીંગતેલ, કોપરાનું તેલ, સરસવનું તેલ, સહિતના ખાદ્ય તેલો ઘાણીમાં પીલાવીને તે સીધુ જ ખાવાના ઉપયોગમાં લેતા હતા. તેનાથી શારીરિક ક્ષમતા મજબૂત રહેતી પરંતુ મલ્ટીનેશનલ કંપનીઓએ આવા તેલથી બીપી વધે છે, શરીરને નુકસાન થાય છે તેવા બહાના કાઢી રિફાઈન્ડ તેલનુ વેચાણ વધારી દીધું. આજે ગ્રામ્ય વિસ્તાર સિવાય મોટાભાગના શહેરીજનો ખાદ્ય તેલ વાપરે છે કે જેના કારણે તેના મૂળ હેલ્ધી તત્વો ખતમ થઈ ગયેલા હોય છે. આવી તો અનેક ચીજવસ્તુઓ છે જેમાં મલ્ટીનેશનલ કંપનીઓ ઘૂસી ગઈ છે. પરંતુ દેશમાં તકલીફ એ છે કે આયુર્વેદના તજજ્ઞો-નિષ્ણાતો આને સરકાર આ બાબતોને વૈશ્વિક સ્તરે પહોંચાડવામાં સફળ નથી થયા કે પછી એ માટે ધ્યાનથી નથી આપ્યું.... ત્યારે હવે લોકોએ ખૂદ જાગૃત થવું જરૂરી છે નહીતો ભવિષ્યે આપણી પ્રજા નિર્બળ બની રહેશે તેવી શક્યતા વધુ છે......!? વંદે માતરમ

# તેજસ્વી યાદવ બિહારના મુખ્યમંત્રી બને તો નવાઈ નહીં હોયઃ શિવસેના

*મુંબઈ,તા.૩૧*

બિહાર ચૂંટણીને લઈને શિવસેનાના પ્રવક્ત સંજય રાઉતે મોટુ નિવેદન આપતા કહ્યુ છે કે, તેજસ્વી યાદવ બિહારના સીએમ બનશે તો મને નવાઈ નહી લાગે.

બિહાર ચૂંટણીમાં મતદારોને રીઝવવા માટે તમામ રાજકીય પક્ષો પૂરજોશમાં પ્રચાર કરી રહયા છે.પહેલા તબક્કાનુ મતદાન પુરુ થઈ ગયુ છે ત્યારે સંજય રાઉતે લાલુ પુત્ર અને આરજેડીના નેતા તેજસ્વી યાદવના ભરપૂર વખાણ કર્યા છે.તેમણે કહ્યુ છે કે, તેજસ્વી આવતીકાલે બિહારના મુખ્યમંત્રી હશે તો તે નવાઈની વાત નહી હોય.કોઈ સહારા વગર તેજસ્વી યાદવ આજે તમામ રાજકીય પક્ષો માટે પડકારરુપ બની ગયા છે.સીબીઆઈ અને ઈનકમટેક્સ વિભાગ તેમની પાછળ પડ્યા છે, તેમના પિતા જેલમાં છે અને તે છતા તે ચૂંટણી જંગમાં છે.

સાથે સાથે રાઉતે ચૂંટણી પંચ પર પણ નિશાન સાધીને તેને ભાજપની જ એક બ્રાન્ચ ગણાવ્યુ છે.રાઉતે કહ્યુ હતુ કે, ભાજપે બિહારના મતદારોને ચૂંટણીમાં જીત મળી તો કોરોના વેક્સિન ફ્રીમાં આપવાનો વાયદો કર્યો છે.જોકે ચૂંટણી પંચે તેને આચાર સંહિતાનુ ઉલ્લંઘન ગણ્યુ નથી.ચૂંટણી પંચ જોકે ભાજપની જ એક શાખા છે ત્યારે ચૂંટણી પંચ પાસે કોઈ આશા રાખવી નકામી છે.

# ઓડિશા સરકારે કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૦ નવેમ્બર સુધી વધાર્યું લોકડાઉન

*ભૂવનેશ્વર,તા.૩૧*

કોરોનાની મહામારી વચ્ચે ઓડિશામાં કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૦ નવેમ્બર સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે. કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાનમા રાખીને ઓડિશામાં નવી ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. જે અનુસંધાને સામાજિક-ધાર્મિક મેળાવડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત ઓડિશામાં ૩૦ નવેમ્બર સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ રહેશે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૮,૨૬૮ નવા પોઝિટિવ કેસો ભારતના કુલ કેસોની સંખ્યા ૮૧,૩૭,૧૧૯ પર પહોંચી છે. જ્યારે રાહતની વાત એ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ૫૯,૪૫૪ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ હાલ દેશમાં કુલ ૫,૮૨, ૬૪૯ કેસ એક્ટિવ છે. ઓડિશામાં કોરોના વાયરસને કારણે સરકારે હાલમાં રાજ્યમાં શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ચર્ચા હતી કે નવેમ્બરથી રાજ્યમાં શાળાઓ ખોલવામાં આવી શકે છે પરંતુ હવે સરકારે આ અંગે વિરામ મુકી દીધો છે. નવીન પટનાયક સરકારે સ્પષ્ટ કહ્યું છે કે હાલમાં ૩૦ નવેમ્બર સુધી રાજ્યમાં શાળાઓ ખોલવામાં આવશે નહીં. ૩૦ નવેમ્બર પછી સરકાર કોરોના વાયરસની સમીક્ષા કરશે અને તે પછી શાળા ખોલવાનો નિર્ણય લેવામાં આવશે. જો કે, ૯થી ૧૨ ધોરણનાં વર્ગના વિદ્યાર્થીઓ ૧૬ નવેમ્બરથી શાળાએ જઈ શકશે.

# કોરોના સંકટઃ આજથી ૧૫૦૦૦ શ્રદ્ધાળુઓ વૈષ્ણોદેવીના દર્શન કરી શકશે

*જમ્મૂ,તા.૩૧*

આજથી ૧૫૦૦૦ શ્રદ્ધાળુઓને વૈષ્ણોદેવી મંદિરમાં દરરોજ દર્શન કરવાની અનુમતિ મળશે. જમ્મુ-કાશ્મીર તંત્ર દ્વારા શુક્રવારે આ જાણકારી આપવામાં આવી. કોરોના મહામારીના કારણે અગાઉ સાત હજાર શ્રદ્ધાળુઓને જ દર્શન કરવાની અનુમતિ હતી. જો કે, પ્રતિબંધોને લઈને ગાઈડલાઈન ૩૦ નવેમ્બર સુધી લાગુ રહેશે.

શ્રાઈન બોર્ડે કોરોના પ્રકોપના લીધે લગભગ પાંચ મહિના પછી ૧૬ ઓગસ્ટે ત્રિકુટા પહાડીઓ પર આવેલા મંદિરને ફરી ખોલ્યું હતું. શરૂઆતમાં શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે યાત્રાના પ્રથમ સપ્તાહે દરરોજ ૨ હજાર ભક્તોને યાત્રાની પરમિશ આપી હતી. તેમાં બહારના ૧૦૦ ભક્તોને અનુમતિ અપાઈ હતી.

અધિકારીઓએ કહ્યું કે યાત્રા માટે ભીડથી બચવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન જ કરવામાં આવશે. તીર્થયાત્રાઓ માટે અર્થકુંવારી, કટરા અને જમ્મુમાં રહેવાની સુવિધાઓ ઉપલબ્ધ છે. અન્ય સુવિધાઓ જેમકે બેટરીથી ચાલતા વાહનો, પેસેન્જર રોપવે અને હેલિકોપ્ટર સેવાઓ પણ સામાજિક અંતરના માપદંડો અને અન્ય સાવધાનીના પગલાનું કડકાઈથી પાલન કરીને યોગ્ય રીતે જારી રહેશે.

# કોંગ્રેસ નેતા દિગ્વિજયસિંહે પ્રિયંકા ગાંધીની તુલના ઈન્દિરા સાથે કરતા ટ્રોલ થયા

*ન્યુ દિલ્હી,તા.૩૧*

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ની તેમની જ દાદી ઈંદિરા ગાંધી સાથે તુલના થવી એ કોઈ મોટી વાત નથી. નાકથી લઈને સાડી પહેરાવાના અંદાજમાં પણ રાજકિય નિષ્ણાંત પ્રિયંકામાં સમાનતાઓ શોધતા ફરે છે. કોંગ્રેસમાં પ્રિયંકામાં ઈંદિરા ગાંધીની છબી જોનારાઓ ઓછા નથી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પોતાના વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા દિગ્વિજય સિંહે ઈંદિરા ગાંધીની પુણ્યતિથિએ એક તસવીર શેર કરીને ફરી એકવાર વિવાદ ઉભો કર્યો છે.પ્રિયંકાની તસવીર શેર કરતાની સાથે જ દિગ્વિજય સિંહે લખ્યું હતું કે, તેમને પ્રિયંકા ગાંધીમાં ઈંદિરા ગાંધીની ઝલક દેખાય છે. ત્યાર બાદ તેઓ તેઓ ઈંદિરા ગાંધીને નમન કરીને તેમને શ્રદ્ધાંજલિ આપે છે. આ ટ્વિટને લઈને લોકોએ દિગ્વિજય સિંહને બરાબરના ટ્રોલ કર્યા હતા. સાથો સાથ શિખામણો પણ આપી હતી.

ટ્વિટ થયા બાદ યુઝ્રસે દિગ્વિજયસિંહને ખરી ખોટી સંભળાવવાનુ શુ કરી દીધુ હતુ. કેટલાક યુઝર્સે લખ્યું હતું કે, ચમચાગીરીની અને ખુશામતખોરીની પણ હદ હોય. તો કેટલાકે લખ્યુ હતું કે, માત્ર નાક મળતુ આવે છે અને બાકીનો ચહેરો ઈન્દિરા ગાંધી કરતા સાવ અલગ છે. કેટલાકે દિગ્વિજયસિંહને ક્ષત્રિય ધર્મનુ પાલન કરવાની સલાહ આપી હતી.

# ૨૪ કલાકમાં ૪૮,૨૬૮ નવા કેસ, વધુ ૫૫૧ના મોત

# દેશમાં કોરોનાના કેસ ૮૧ લાખને પાર, એક્ટિવ કેસની સંખ્યા ૩ ઓગસ્ટ બાદ સૌથી ઓછી

*ન્યુ દિલ્હી,તા.૩૧*



દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોનો આંકડો વધીને ૮૧ લાખની પાર પહોંચી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૮,૨૬૮ નવા કેસો સામે આવ્યાં છે. આ સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૮૧,૩૭,૧૧૯ પર પહોંચી ગઈ છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૫૯,૪૫૪ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન વધુ ૫૫૧ના મરણ નોંધાયા છે. દેશમાં ૩ ઓગસ્ટ બાદ એક્ટિવ કેસોની સંખ્યા સૌથી ઓછી નોંધાઈ છે. હાલ દેશમાં કુલ ૫,૮૨,૬૪૯ કોરોનાના એક્ટિવ કેસો છે.

દેશમાં હાલના સમયે રિકવરી રેટ ૯૧.૩૪ ટકા નોંધવામાં આવી છે. જ્યારે ડેથરેટ ૧.૪૯ ટકા છે. એક્ટિવ દર્દીઓનો દર ૭.૧૬ ટકા છે. જ્યારે પોઝિટિવિટી રેટ ઘટીને ૪.૫૧ ટકા પર આવી ચૂક્યો છે. ગત એક દિવસમાં ૫૯,૪૫૪ દર્દીઓ સ્વસ્થ થઈ જતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. આ સાથે સમગ્ર દેશમાં કુલ ૭૪,૩૨,૮૨૯ દર્દીઓ જીવલેણ વાઈરસને હરાવી ચૂક્યાં છે. એટલે કે આટલા દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આ્વ્યા છે. આ ઉપરાંત દેશમભરમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૧૬૪૧ લોકોના મોત કોરોના કારણે થયા છે.

જો કોરોના ટેસ્ટિંગની વાત કરવામાં આવે તો, દેશમાં કુલ ૧૦,૮૭,૯૬,૦૬૪ સેમ્પલોની તપાસ કરવામાં આવી છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૬૭,૯૭૬ લોકોના કોરોના ટેસ્ટિંગ કરવામાં આવ્યાં છે.

સમગ્ર દેશમાં ભલે કોરોનાના પોઝિટિવ કેસો ઘટી રહ્યાં હોય, પરંતુ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોનાના કેસો ફરીથી વધી રહ્યાં છે. દિલ્હીમાં સતત ત્રીજા દિવસે ૫૦૦૦થી વધુ નવા પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. દીવાળીની આસપાસ કોરોનાના પોઝિટિવ કેસો વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

# મહારાષ્ટ્ર સરકાર ઉર્મિલા માતોડકરને વિધાન પરિષદમાં નામાંકિત કરશે..!

*મુંબઈ,તા.૩૧*

મહારાષ્ટ્ર સરકાર દ્વારા બોલિવુડની પ્રખ્યાત અભિનેત્રી ઉર્મિલા માતોંડકરને વિધાન પરિષદમાં નામાંકિત કરવાની ભલામણ અંગેની અટકળો વચ્ચે શિવસેનાના નેતા સંજય રાઉતએ કહ્યું હતું કે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરએ આ અંગે નિર્ણય લેશે. રાજ્યપાલ ક્વોટામાંથી રાજ્યની વિધાન પરિષદમાં ૧૨ ઉમેદવારોની નિમણૂક થવાની છે. આ અંગે મહારાષ્ટ્ર કેબિનેટમાં રાજ્યપાલને ઉમેદવારોના નામ મોકલવાની ચર્ચાના એક દિવસ બાદ રાઉતનું નિવેદન આવ્યું છે.

માતોંડકરના નામની ચર્ચાથી સંબંધિત એક પ્રશ્નના જવાબમાં રાઉતે પત્રકારોને કહ્યું કે મેં પણ આ અટકળો અંગે સાંભળ્યું છે કે સરકાર માતોંડકરને પરિષદ માટે નોમેનિટ કરશે. આ રાજ્યના મંત્રીમંડળનો વિશેષાધિકાર છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે તેના પર નિર્ણય લેવા માટે અધિકૃત છે.

મહારાષ્ટ્રની વિધાન પરિષદ ની ૧૨ સીટો આ વર્ષે જૂન મહિનામાં ખાલી થઈ છે. બંધારણની કલમ ૧૭૧ અંતર્ગત રાજ્યપાલ સાહિત્ય, કલા, વિજ્ઞાન, સહકારી આંદોલન અને સમાજસેવા સાથે જોડાયેલ ૧૨ વ્યકિતઓને રાજ્યની વિધાન પરિષદ માટે નોમેનિટ કરી શકે છે.

# તુર્કી,ગ્રીસમાં આવેલ ભૂકંપે વિનાશ વેર્યોઃ મૃત્યુઆંક ૨૬ને પાર, અનેક ઘાયલ

*ઈસ્તંબુલ,તા.૩૧*

તુર્કી અને ગ્રીસમાં શુક્રવારે એક શક્તિશાળી ભૂકંપને કારણે કમસે કમ ૨૬ લોકોનાં મોત અને ૮૦૪ લોકો ઘાયલ થયા છે. યુએસ જિયોલોજિકલ સર્વે મુજબ રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૭.૦ની માપવામાં આવી હતી અને એનાથી તુર્કી, એથેન્સ અને ગ્રીસ પ્રભાવિત થયા હતા. સર્વેએ કહ્યું હતું કે ૭.૦ની તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર બિંદુ ગ્રીકના સમોસ શહેર કાર્લોવસીથી ૧૪ કિલોમીટર (૮.૭ માઈલ્સ) દૂર નોંધવામાં આવ્યો હતો. આ ભૂકંપ ૨૧ કિલોમીટર ઊંડો હતો. બંને દેશોમાં રાહત અને બચાવકાર્ય પુરજોશમાં ચાલુ છે.

આ ભૂકંપને લીધે અનેક ઈમારતો તૂટી પડી હતી અને એક સમુદ્રમાં પણ એક મિની સુનામી આવી હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું. અધિકારીઓએ કહ્યું હતું કે તુર્કીના પશ્ચિમ તટીય ક્ષેત્રોમાં ૨૪ લોકો માર્યા ગયા છે, જ્યારે બે કિશોરો—એક યુવક અને એક યુવતી સમોસના ગ્રીક દ્વીપ પર એક દીવાલ તૂટવાથી તેમનાં મોત થયાં છે.

આ ભૂકંપને લીધે ઈઝમિર શહેરમાં કમસે કમ ૨૦ બિલ્ડિંગો તૂટી પડ્યાં હતા, એમ મેયર ટંકે જણાવ્યું હતું. આ બિલ્ડિંગની નીચે ઊભેલાં વાહનો પણ કચડાઈ ગયાં હતાં. આ બિલ્ડિંગોના કાટમાળમાં બચેલા લોકોને બહાર કાઢવા માટે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કાટમાળમાંથી બચેલા લોકોને બહાર કાઢવા માટે હેલિકોપ્ટરોનો કરીને બચાવ દળ દ્વારા અનેક લોકોને ઉગારવામાં આવ્યા હતા. કુલ ૧૯૬ આફ્ટરશોક્સ નોંધવામાં આવ્યા હતા, જે ચારની રિક્ટર સ્કેલના નોંધાયા હતા. ૧૭ બિલ્ડિંગોમાં શોધખોળ અને બચાવ ઝુંબેશ જારી છે, જેમાં ચાર ધ્વસ્ત થઈ ગઈ છે.

તુર્કીના ઘાયલોમાંથી પાંચ લોકોનાં ઓપરેશન કરવામાં આવી રહ્યાં છે અને આઠ લોકોને ઈન્ટેન્સિવ કેરમાં દાખલ કરવામાં આવી છે, એમ તુર્કીના પ્રેસિડેન્ટ રિસેપ તૈઈપ એર્ડોગને જણાવ્યું હતું.

ગ્રીક વડા પ્રધાને કિરિયાકોસ મિત્સોટાકિસે ટ્વિટર પર કહ્યું હતું કે તેમણે તુર્કીના સમકક્ષથી વાતચીત કરી છે. બંને દેશો વચ્ચે પૂર્વ ભૂમધ્યસાગરમાં હાલ એનર્જીના દાવાઓને લઈને ટેન્શન ચાલી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે અમારી વચ્ચે જે પણ મતભેદો છે, એને કોરાણ મૂકીને હાલ આપણે આપણા લોકો સાથે ઊભા રહેવાની જરૂર છે. સામે તુર્કીના પ્રેસિડેન્ટે પણ ટ્વિટમાં ગ્રીસ પ્રત્યે સંવેદના વ્યક્ત કરીને કહ્યું હતું કે બે પડોશી દેશો વચ્ચે મુશ્કેલ સમયમાં એકજૂટતા દેખાડે છે, જે જીવનની કેટલીક ચીજવસ્તુઓથી વધુ મૂલ્યવાન છે. તેમના અનુસાર બંને દેશો એકમેકને મદદ કરવા તૈયાર છે.

# ૩૦૦ સુધી કર્મચારીઓ ધરાવતી કંપની મંજૂરી વિના કરી શકશે છટણી

*ન્યુ દિલ્હી,તા.૩૧*

લોકસભામાં ગત મહિને ત્રણ લેબર કૉડ્સનો માર્ગ મોકળો થયા બાદ રોજગાર મંત્રાલયે ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ કૉડ માટે ડ્રાફ્ટ રુલ્સનો પ્રથમ સેટ તૈયાર કરી દીધો છે. જેમાં ૩૦૦થી વધુ કર્મચારીઓ ધરાવતી કંપની સરકારની મંજૂરી લીધા વિના કર્મચારીઓને ગમે ત્યારે છૂટા કરી શકશે. આટલું જ નહીં, ૧૫ દિવસનો નોટિસ પિરિયડ પણ ઘણો માનવામાં આવશે. ડ્રાફ્ટમાં સંશોધન અંતર્ગત કર્મચારીઓને માટે હડતાલ કરવા સબંધિત પરિસ્થિતિઓમાં ફેરફાર કરી દેવામાં આવ્યો છે.

આ ડ્રાફ્ટ રુલ્સમાં મોટાભાગે સપર્ક-કૉમ્યુનિકેશન માટે ઈલેક્ટ્રોનિક મેથડ્સનો પ્રસ્તાવ છે. જેમાં તમામ ઔદ્યોગિક એકમો માટે ઈ-રજિસ્ટર મેન્ટેન કરવું ફરજિયાત છે.

આ સાથે જ છટણીના સંદર્ભે કંપનીઓને ૧૫ દિવસ પહેલા નોટિસ, હટાવવા પર ૬૦ દિવસ પહેલા નોટિસ અને કંપની બંધ કરવાના ૯૦ દિવસ પહેલા નોટિસ આપવાની રહેશે. જો કે નિયમોમાં મૉડલ સ્ટેન્ડિંગ ઑર્ડરને છોડી દેવામાં આવ્યો છે અને ટ્રેડ યુનિયનો માટે રુલ્સ બનાવવાનું રાજ્ય સરકાર પર છોડી દેવામાં આવ્યું છે.

અત્યાર સુધી ૧૦૦થી ઓછા કર્મચારીઓ ધરાવતા ઔદ્યોગિક એકમો કે સંસ્થાઓ જ સરકારની મંજૂરી વિના કર્મચારીઓને રાખી કે હટાવી શકતા હતા. આ વર્ષની શરૂઆતમાં સંસદીય સમિતિએ ૩૦૦થી ઓછો સ્ટાફ ધરાવતી કંપનીઓને સરકારની મંજૂરી વિના કર્મચારીઓની છટણી કરવા કે કંપની બંધ કરવાનો અધિકાર આપવાની વાત કહી હતી. કમિટીનું કહેવું હતુ કે, રાજસ્થાનમાં પહેલાથી જ આ પ્રકારની જોગવાઈ છે. જેનાથી ત્યાં રોજગારની વધ્યો અને છટણીના કેસો ઓછા થયા છે.

# ચારા કૌભાંડઃ લાલુ યાદવને જામીન મળતાં સીબીઆઈ સુપ્રિમ કોર્ટમાં પડકારશે

*રાંચી,તા.૩૧*



બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને રાજદના નેતા લાલુ યાદવને ચારા કૌભાંડમાં જામીન મળી જતાં સીબીઆઈ લાલુના જામીનને સુપ્રીમ કોર્ટમાં પડકારશે. લાલુ સામે ચારા કૌભાંડના પાંચ આરોપ હતા. એમાંના ચાર આરોપની સુનાવણી પૂરી થઈ ચૂકી હતી અને ચારમાંથી ત્રણમાં લાલુને જામીન મળી ચૂક્યા હતા. સીબીઆઈ આ જામીનને સુપ્રીમમાં પડકારશે.

હાલ બિહારમાં વિધાનસભાની ચૂંટણી ચાલી રહી છે એવા સમયે લાલુ બહાર રહે તો ઘણા નેતાઓ અને રાજકીય પક્ષોને ભારે પડે એમ છે. ચારમાંના ત્રણ કેસમાં લાલુ જામીન મેળવી ચૂક્યા હતા. ડોરંડા ટ્રેઝરીમાંથી ગેરકાયદેસર ૧૩૯ કરોડ રૂપિયા કાઢવાનો આ કેસ છે. દુમકા ટ્રેઝરીમાંથી ૩.૧૩ કરોડ રૂપિયા કાઢવાના કેસમાં લાલુને જામીન મળી જાય તો એ જેલમાંથી બહાર આવી જશે.

જો કે આ કેસની સુનાવણી છઠ્ઠી નવેંબર પછી થવાની શક્યતા છે કારણ કે તહેવારોની રજાઓના પગલે ઝારખંડ હાઈકોર્ટ ખુલે ત્યારે આ કેસની સુનાવણી નીકળી શકે.

દુમકા ટ્રેઝરીમાંથી ગેરકાયદે મોટી રકમ ઉપાડવાના કેસમાં લાલુને બે કાયદા હેઠળ સાત વર્ષની જેલની સજા થઈ હતી. અત્યારે લાલુ દેવઘર ટ્રેઝરીમાંથી ૭૯ લાખ રૂપિયા ઉપાડવાના કેસમાં જામીન પર છે. આ કેસમાં એમને સાડા ત્રણ વર્ષની જેલની સજા થઈ હતી. ચાઈબાસા ટ્રેઝરીમાંથી ૩૩.૧૩ કરોડ ઉપાડવાના કેસમાં પણ લાલુને ચાલુ માસની નવમીએ જામીન મળી ચૂક્યા હતા.

સીબીઆઈ માને છે કે લાલુને વિવિધ કાયદા હેઠળ ઘણી સજા થઈ હતી જેમાંની કેટલીક સજા લાલુએ ભોગવી નથી. લાલુ યાદવ ૨૦૧૭ના ડિસેંબરથી રાંચી જેલમાં સજા ભોગવી રહ્યા હતા.

# બીએસએફએ સીમા પાર કરતા પાંચ બાંગ્લાદેશી અને ૧૨ ભારતીયોને પકડી લીધા

*ન્યુ દિલ્હી,તા.૩૧*

સીમા સુરક્ષા દળે પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લામાં ગેરકાયદે રીતે ભારત-બાંગ્લાદેશની સીમા પાર કરવાના આરોપમાં પાંચ બાંગ્લાદેશી અને ૧૨ ભારતીયોને પકડી લીધા છે. અર્ધસૈનિક દળોએ એક નિવેદનમાં આ અંગેની માહિતી આપવામાં આવી છે.

દળે શુક્રવારે જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે, પાંચ બાંગ્લાદેશી અને ૧૨ ભારતીયો ગુરૂવારે ગેરકાયદે નદિયા જિલ્લાના રામનગર ચૌકી પાસે સીમામાં ઘુસણખોરી કરવાના આરોપમાં પકડી લેવામાં આવ્યાં છે. જેમાં એક દલાલ પણ શામેલ છે. નિવેદન પ્રમાણે પકડાયેલા ભારતીયોએ સ્વિકાર કર્યો છે કે, તેને બાંગ્લાદેશમાં પોતાના સંબંધીઓને મળવા માટે બેનાપોલમાં સીમા ઓળંગી હતી અને તે હવે પાછા ફરી રહ્યાં છે.

દળે જણાવ્યું છે કે પકડાયેલા બાંગ્લાદેશીઓએ જણાવ્યું કે, તે મજુરી કરવા માટે બેંગલુરૂ જઈ રહ્યાં હતાં. બીએસએફે જણાવ્યું કે, પકડાયેલા તમામ લોકો હંસખલી પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવ્યાં છે. આ વચ્ચે બીએસએફે ગુરૂવારે જ ખાસમહલ ચોકીની પાસે પેટ્રોલીંગ દરમયાન એક ભારતીયને પકડી લઈ તેની પાસેથી ૧૦ મવેશિયોને કબ્જામાં લીધા છે.

# બનાસકાંઠામાં જનેતાએ જ પોતાના દોઢ વર્ષના બાળકની મોઢું દબાવી કરી હત્યા

બનાસકાંઠા,તા.૩૧

બનાસકાંઠાના થરાદમાં ફરી એકવાર માનવતાને શર્મસાર કરે તેવી ઘટના સામે આવી છે. જેમાં એક પરણિત મહિલા તેને પ્રેમિકા સાથે નાસી ગયા બાદ તેનો દોઢ વર્ષનો રડતું બાળક અડચણરૂપ બનતા તેની ગળું દબાવી હત્યા કરી હોવાની ઘટના બની છે. આ ઘટનાને પગલે થરાદ પોલીસે હત્યારી માતા સહિત તેના પ્રેમીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, બનાસકાંઠાના સરહદી વિસ્તાર થરાદ તાલુકાના ચારડા ગામે રહેતા ભરત ઠાકોરના લગ્ન સમાજના રીતરિવાજ મુજબ પીરગઢ ગામરે રહેતી મંજુલા ઠાકોર સાથે થયા હતા. દાંપત્યજીવન દરમ્યાન બન્નેને સંતાનમાં એક પુત્રની પ્રાપ્તિ પણ થઈ હતી, બે દિવસ અગાઉ ભરતભાઈ તેમની પત્ની અને દોઢ વર્ષનો પુત્ર રવિ ઉર્ફે સંદીપ માતાજીના નૈવેધ કરવા તેમના વતન બુકણા ગામે માટે ગયા હતા.

મોડી સાંજે પરત પોતાના ઘરે આવ્યા બાદ તેની પત્ની પેશાબ કરવાનું બહાને બહાર જઈ તેના પ્રેમી ઉદા માજીરાણાના બાઈક પર બેસીને ત્યાંથી નાસી ગઈ હતી. તે સમયે ભરતભાઈ ઠાકોરે બૂમાબૂમ કરી હતી, પરંતુ ત્યાં સુધીમાં તો તેની પત્ની દોઢ વર્ષના પુત્રને લઈને તેના પ્રેમીના બાઈક પર બેસીને નાસી ગઈ હતી. બાદમાં ભરતભાઈ અને તેમના પરિવારજનોએ સતત બે દિવસ સુધી તેની શોધખોળ કરી હતી. તેમ છતાં પણ તેમની પત્ની ન મળતા આખરે તેઓ પીરગઢ ગામે તેમની સાસરીમાં બેઠા હતા તે સમયે ઠાકોર સમાજના કેટલાક આગેવાનો ગાડીમાં તેમની પત્ની અને મૃત બાળકને મુકવા માટે આવ્યા હતા.

બાળકના મૃત્યુ અંગે પૂછતા તેની પત્ની મંજુલા તેના પ્રેમીના ઘરમાં હતી તે સમયે તેનો દોઢ વર્ષનો પુત્ર રવિ ઉર્ફે સંદીપ વારંવાર રડરડ કરતો હતો અને આજુબાજુના લોકોને ખબર ના પડી જાય તે માટે અડચણરૂપ બનેલા બાળકનું મોઢું દબાવ્યું હતું. જ્યારે તેના પ્રેમીએ તેની ગળું દબાવીને બંને એ આ બાળકનું હત્યા કરી હતી. જે અંગે ભરતભાઈએ ફરિયાદ નોંધાવતા થરાદ પોલીસે તેની પત્ની મંજુલા અને તેનો પ્રેમી ઉદા અમીસંગભાઈ માજીરાણા સામે હત્યાનો ગુનો નોંધી બંનેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાજપના કોઈ કાર્યકર્તા નારાજ નથી, આઠ બેઠકો પર જીત મેળવીશું: પટેલ

રાજકોટ,તા.૩૧

રાજકોટમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ દ્વારા એકતા દિવસ પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. બહુમાળી ભવનથી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પરેડનું પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યારે નીતિન પટેલે કાંતિ અમૃતિયાની નારાજગીને લઈને જણાવ્યું હતું કે ભાજપના કોઈ કાર્યકર્તા નારાજ નથી. રાજકોટમાં આયોજિત એકતા પરેડ કાર્યક્રમમાં મેયર બીનાબેન આચાર્ય, ધારાસભ્ય અરવિંદ રૈયાણી અને સીએમ રૂપાણીના પત્ની અંજલી રૂપાણી ઉપસ્થિત રહ્યાં હતા. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાજકોટમાં કોંગ્રેસના કૃષિ બિલના કાર્યક્રમને લઈને નિવેદન આપ્યું હતું કે હાલમાં ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે.

કોંગ્રેસ કાંઈક તો વિરોધ કરેને. સાથે કાંતિ અમૃતિયાની નારાજગીને લઈને કહ્યું હતું કે ભાજપના કોઈ પણ કાર્યકર્તા નારાજ નથી. નીતિનભાઇ પટેલે જણાવ્યું કે આપણા અખંડ ભારતના ઘડવૈયા અને રાષ્ટ્રીય એકતાના શિલ્પી લોહ પુરુષ સરદાર પટેલની જન્મજયંતિએ આપણે તેમના ચીંધેલા માર્ગે ચાલીએ તેમજ તેમના અખંડ ભારતના સપનાને વધુ સુદૃઢ-મજબુત બનાવીએ. આજે આપણું અખંડ ભારત વિકસિત, સમૃદ્ધ અને સલામત છે તેવું સપનું આઝાદીના સમયે સરદાર સાહેબે જોયુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર સાહેબના જન્મદિનને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું નકકી કર્યુ છે. દેશને ગૌરવ થાય તેવી કેવડિયા કોલોની ખાતે સરદાર સાહેબની વિશ્વની સૌથી મોટી પ્રતિમાનું નિર્માણ આપણે કરી સરદાર સાહેબના પ્રેરણારૂપ કામોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા છે. કેન્દ્ર સરકારે ખેડૂતો માટે અમલી બનાવેલા કૃષિ બિલને વિપક્ષે કોંગ્રેસે કાળો કાયદો ગણાવી આજે ત્રિકોણબાગ ખાતે ધરણાંનું આયોજન કર્યું છે. આ ધરણાં કાર્યક્રમમાં ૧૦૦થી વધુ વ્યક્તિ જોડાશે. આ કાર્યક્રમમાં છૈંઝઝના સેક્રેટરી રાજીવ સાતવ ખાસ ઉપસ્થિત રહેશે.

# અમદાવાદમાં સરકારી નોકરી અને ગાડી મુકાવવાના કોન્ટ્રાકટના નામે ઠગાઈ થતા ફરિયાદ

અમદાવાદ,તા.૩૧

શહેરમાં સરકારી નોકરી અને ગાડી મુકાવવાના કોન્ટ્રાકટ ના નામે ઠગાઈ થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. અનેક લોકો સાથે બે શખસોએ ઠગાઈ કરતા મામલો પોલીસસ્ટેશન પહોંચ્યો છે. આરોપીઓ જે મકાનમાં ભાડે રહેતા હતા તે જ મકાન માલિક સાથે ઠગાઈ કરી હતી. સરકાર ના સચિવના નામના ખોટા સહી સિક્કા વાળા લેટરો પણ આપ્યા હોવાનું સામે આવ્યું છે. આરોપીઓએ પોતાની ઓળખાણ સચિવ સુધીની હોવાનું જણાવી અનેક લોકો પાસેથી ૧૯ લાખ રૂપિયા પડાવ્યા હતા. આટલું જ નહીં ગાડીનો કોન્ટ્રાકટ અપાવવાનું કહી ઠગ બાજોએ કાર લઈ દારૂની હેરાફેરીમાં વાપરી હોવાનું સામે આવ્યું છે. એક વ્યક્તિના નામે લોન લઈ ૧૨ લાખની કાર પણ લીધી હોવાનું સામે આવતા આ મામલે શહેરકોટડા પોલીસે તપાસ હાથ ધરી છે. મૂળ ભાવનગરના અને હાલ અમદાવાદમાં સરસપુરમાં રહેતા હિંમતભાઈ જાની દુકાન ધરાવી બફિંગ વર્કર્સ નામની દુકાન ધરાવી વેપાર કરે છે.તેમનું એક મકાન આવેલું છે જે વિજયસિંહ પરમાર નામના વ્યક્તિને ભાડે આપ્યું હતું તે મકાનમાં સેજલબેન ભાભોર પણ ભાડે રહેતા હતા. વિજયસિંહ પરમારે તેમની ઓળખ પોલીસ કર્મચારી તરીકે આપી હતી તેમણે હિંમતભાઈ જણાવ્યું હતું કે ગૌણ સેવાના સચિવ સાથે તેમની ઓળખાણ છે અને તેમના થકી જ તેઓ પોલીસમાં ભરતી થયા છે. એમ જણાવી તેમના છોકરાને પણ સરકારી નોકરીમાં મુકવો હોય તો થોડો ખર્ચ થશે. જેથી હિંમતભાઈ એ પોતાના પુત્ર અને સરકારી નોકરી અપાવવાની લાલચ જાગી હતી અને વિજયસિંહ એ એવું પણ જણાવ્યું હતું કે તેમની સાથે રહેતા સેજલ બેન ને તેમની ઓળખાણ થી નર્સિંગ માં નોકરી અપાવી હતી. આ પ્રકારની વાતો કરી હિંમત ભાઈને અને તેમના પરિવારજનોને વિશ્વાસ અપાવ્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા - આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

**ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા-૧**
**ચિત્ર પરથી પદ્ય ,ગદ્ય અને લેખ સ્પર્ધા ક્રમાંક નું પરિણામ**

**પદ્ય.અ**
૧)નામ-ડો.રેખા શાહ
NOG S S No:0034
શીર્ષક-તું અને હું
૨)નામ-શ્વેતા તલાટી
NOG S S No:0078
શીર્ષક-તારું સ્મરણ
૩)નામ-પ્રફુલ્લા પ્રસન્ના
NOG S S No:0039
શીર્ષક-ચંપા સંગ કેળ
૪)નામ-કલ્પના ત્રિવેદી
NOG S S No:0019
શીર્ષક-લાગણીનો સાદ

**પદ્ય.બ**
નામ-દિપ્તી પટેલ
NOG S S No:0010
શીર્ષકમુલાકાત
૨)નામ-મેહુલ ત્રિવેદી
NOG S S No:0015
શીર્ષક-અપેક્ષા
૩)નામ-વૈશાલી જે મહેતા
NOG S S No:0040
શીર્ષક-આનંદ ઓળ ધોળ થયાનો
૪)નામ-જ્યોતિ આચાર્ય
૨)ઋતભંરા વિશ્વજીત
ઋત્વિશ્વ
NOG S S No:0027
NOG S S No: 0077
શીર્ષક-સજનવા
૨)ઝાલીને એકમેકનો હાથ

**ગદ્ય**
૧)નામ-જ્યોતીન્દ્ર મહેતા
NOG S S No: 0022
શીર્ષક-સાથ
૨)નામ-શ્રધ્ધા ભટ્ટ
NOG S S No:0055
શીર્ષક-જીવન સંગિની
૩)નામ-પ્રકૃતિ શાહ
NOG S S No:0048
શીર્ષક -સંગાથ
૪)નામ-સંજય તરબદા
NOG S S No:0052
શીર્ષક -ટ્યૂનીંગ

સર્વે વિજેતાઓને હાર્દિક અભિનંદન
આયોજક અને એડમીન પેનલ

-----------------------------------------------

**પદ્ય.અ.૧**
NG NO. : 0034
વિભાગ : પદ્ય (અછાંદસ રચના)
શીર્ષક : તું અને હું

તું અને હું,
એકલાં એકાંતમાં..
ને ઉછળે ભીતરે
લાગણીઓનાં દરિયા!
થીજેલાં સમયમાં,
થયો સ્પર્શ જ્યાં,
તારાં જાદુઈ ટેરવાંનો
ઉગી નવી કૂંપળો
હૈયાંની હાટડીએ!
ને સ્ફૂર્યા સ્પંદનો
મારાં રોમરોમમાં!
સળવળી ઉઠી આજ
સૂતેલી ઈચ્છાઓ
મરોડીને આળસ એકાંતમાં..
હૈયાંની સાક્ષીએ આપું વચન
પરોવીને હાથમાં હાથ
ચાલશું પ્રિયે સાથે-સાથે,
આમ જ જન્મોજનમ!
હું ઓગળું તારામાં
ને તું મારામાં!!
ડો. રેખા શાહ

-----------------------------------------------

**૨)છંદ બંધારણ - ગાલગાગા ૨૩ ગાલગા**
NG 0078
પ્રકાર - પદ્ય
શીર્ષક - તારું સ્મરણ

ગાલ પર આવી લટો.ત્યારે થયું તારું સ્મરણ;
મારી ઉલઝી તે ક્ષણો,ત્યારે થયું તારું સ્મરણ.
હાથમાં લઈ હાથ કેવા આપણે ફરવા જતા
એ વિચાર જ્યાં સળવળ્યો, ત્યારે થયું તારું સ્મરણ.
આ દુપટ્ટો સરકી હળવેથી ઉડ્યો, મહેકી હવા;
ને પવન માદક હતો,ત્યારે થયું તારું સ્મરણ.
હસવું આવ્યું આમ કંઇ કારણ વગર હું શું કરું?
ગાલ પણ ભીનો થયો ,ત્યારે થયું તારું સ્મરણ.
વૃક્ષની ફરતે લતા કેવી છે વળગેલી અહીં;
ને પવન ઝૂમી ઉઠ્યો ,ત્યારે થયું તારું સ્મરણ.
બેઠી જ્યારે હું સમંદરના કિનારે એકલી;
શંખ રેતીમાં સર્યો,ત્યારે થયું તારું સ્મરણ.
આમ તો "શ્વેતા" તને ક્યારેય ભૂલે ના છતાં;
યાદમાં ડૂબી પળો, ત્યારે થયું તારું સ્મરણ.

ગીત મેં જ્યારે ય સુંદર સાંભળ્યું , મન ડોલ્યું ને!
તાર દિલનો રળઝળ્યો, ત્યારે થયું તારું સ્મરણ.
શ્વેતા તલાટી

-----------------------------------------------

**(૩)N O G સાહિત્ય સરિતા(૧ )**
N G No. - 39
વિષય - ચિત્ર પરથી રચના
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક -- ચંપા સંગ કેળ

મળે હાથથી હાથ તો મળી જાય હસ્તરેખાઓ,
મળે જીવનભરનો સાથ તો મળી જાય નક્ષત્રો,
પકડી હાથમાં હાથ, ભરીશું પગલે પગલું સાથે,
હોય સુખ કે દુ:ખ,જીવીશું જીવન સદાય સાથે,
ભલે ના મળે સંસાર, માત્ર ચાહું તારો સુંદર સાથ,
હોય તારો સુંદર સંગાથ, સરળ બનશે જીવનપથ,
છલકાય સુખ અપાર, જીવન જાણે સુંદર સ્વર્ગ!
તરબોળ થઈ જાય તનમન એવો પ્યારો તારો સહવાસ,
બે તન પણ મન એક, જાણે ઝૂમે ચંપો ને કેળ,
જન્મોજન્મની પ્રીતડી વ્હાલાં, કેવાં રૂદીયાનાં મેળ!
સાથ છે સાત જીવનનો, કદી ન છૂટે હાથથી હાથ,
નજરથી નજર કરે અનકહી વાતો,હૈયું પૂરે સાદ!
પ્રફુલ્લા"પ્રસન્ના"
અમદાવાદ

-----------------------------------------------

**૪) Nog સાહિત્ય સ્પર્ધા**
NOG 19
વિષય..ચિત્ર પરથી રચના
પ્રકાર.. પદ્ય
શિર્ષક..લાગણીનો સાથ
નામ.. કલ્પના. ત્રિવેદી

બછાવી છે એક બાજી,
મૂકી છે દાવમાં સંબંધોની શતરંજ,
એક પ્યાદું જો ચાલ્યું આડું
તો હાર નક્કી છે લાગણીની,
સીધા ચાલશે જે પ્યાદાં
એ વહેલા નિકળી જવાના,
જમાનો છે અળવિતરી ચાલનો,
અહીં ચાલશે કૂટનિતી ની રમત,
ચાલશો જો પ્રેમ તણી ચાલ,
ઉડાડવા બેઠી છે નફરતની કુકરી,
આ સંબંધોની શતરંજ ફેલાઈ એવી,
મ્હાત કરવા એકબીજાને જે છે ઘરનાં,
રાખીએ એક નિયમ,,,,
હું હારું તો તું મારો,
ને હું જીતું તો તારું સઘળું!
નહી કોઈ રાજા કે સિપાઈ,
નહી કોઇ ઉંટ કે અશ્વ,
આપણે એકબીજાના,
આ આપણુ વિશ્વ.
પ્રેમ ની ચાલ ચાલીને જીતી લઈએ જગત.
લાગણીની રમત માં ન કરીએ મારું તારું
સુખ બને સૌનું સહિયારું!!

-----------------------------------------------

**પદ્ય બ.૧**
NG :- 10
વિભાગ :- પદ્ય
વિષય :- ચિત્ર સ્પર્ધા
શીર્ષક :- મુલાકાત

લાલ લીલા પીળા વાદળી રંગોની આપણી ઓળખાણ,
ગમતા રંગો એકબીજાનાં પહેરી કરતાં મુલાકાત.
એમ કરતાં પૂર્યા રંગો સુખ દુઃખના સાથે અભ્યાસ,
સ્વપ્નની દુનિયા હતી આવી ઊભી દુઃખોની વણઝાર.
સાથ કેમ હવે છૂટે શું કરીશું ? સતાવે મૂંઝવણ,
નહિં માને પરિવાર વિચારતાં થતી ગભરામણ.
એકબીજાથી જુદાઈના વિચારે ભીતર વજઘાત,
આંખોથી વરસે શ્રાવણ ભાદો ચિત્તમાં સળવળાટ.
સાચા પ્રેમની સોગંધે રહેજે સજી સોળ શણગાર, ભરથાર.
દિપ્તી પટેલ 'શ્રીકૃપા' વડોદરા.

-----------------------------------------------

**૨)NGOS 0015**
પ્રકારઃ- મુક્તક
શીર્ષકઃ- અપેક્ષા

છે અપેક્ષા એટલી કે હાથ રાખે હાથમાં તું કાયમી
સ્થાન આપીને રદયમાં રાખ મુજને સાથમાં તું કાયમી.
થઇ ફોરમ ઘર વસાવું , તુજ નયનમાં હું પ્રવેશી પ્રેમથી,
હેત રાખી હળવું મુજને રોજ ભરજે શ્વાસમાં તું કાયમી
મેહુલ ત્રિવેદી..ખેરાળી

-----------------------------------------------

**૩)ન્યૂઝ ઓફ ગાંધીનગર**
NoG NO: 40
વિષયઃ ચિત્ર પરથી રચના
વિભાગ : પદ્ય
શીર્ષક : આનંદ ઓળ-ઘોળ થયાનો

મુજ શ્વાસમાં તુજ શ્વાસ પરોવાયો;
અવસર ફરી આજ એ દિન ઉજવવાનો,
આનંદ ઓળ-ઘોળ થયાનો.
સંસારના અવનવા રંગ સાથ જોયા નો,
ને; છતાંય એકમેકમાં ઓતપ્રોત રહ્યા નો,
ગર્વ છે મુજને; તુજને પામ્યા નો.
અવસર અણમોલ એ ક્ષણ સાંભર્યાનો,
મુજ આત્મસમ્માન ની તું ઢાલ બન્યાનો,
મસ્તક આ સદાય એટલે આજ ઉંચું,
છતાંય ;
પ્રેમથી તુજ સમક્ષ નતમસ્તક થયાનો! !
ઉત્સવ....
ચંદન અને ઓરિસો ભેગા થયાનો,
જલરુપ પ્રેમ વહાવી, પરસ્પર આત્મસાત કરી;
સુવાસ ફેલાવનાર બે પુષ્પો ખિલવ્યાનો!!
ક્ષણ, ઘડીઓ, દિવસો, મહિનાઓ..
ને સાથ દાયકાઓ પુરા કર્યાનો,
દિન આજ ઈશ્વરનો પાડ માનવાનો,
તુજ સાથે એણે હસ્તમેળાપ કરાવ્યાનો.
વૈશાલી જે મહેતા.

-----------------------------------------------

**૪.અ**
NG No :- 0027
વિભાગ :- પદ્ય ( અછાંદસ )
શીર્ષક :- સજનવા

હાથ પકડી, આપ્યો હોત સાથ સજનવા,
નિ:સ્વાર્થે હૈયું હોત ખોલ્યું સજનવા.
કોરા અંતરપટ ને ઠાલા દેખાવ સજનવા,
કેમ નાહક ચીતરવાં ચિતરામણ સજનવા.
હાથમાં સૂરજ રાખી, દીધી દસ્તક સજનવા,
છતાં ના પામ્યાં, જીવન હસ્તક સજનવા.
ખાલી ખોરડાં ને કોરા સંબંધ સજનવા,
ઝાંઝવાનાં જળ પાછળ ભમ્યાં સજનવા.
આગવી ભીનાશ લઈ તમે ચાલ્યા સજનવા,
આંખોમાં સપનાં થયાં બળી રાખ સજનવા.
હૈયું માંગે છે એટલું પૂછવા સજનવા,
દિલના દર્દોને કેમ લૂછવાં સજનવા.
જ્યોતિ આચાર્ય અમદાવાદ

-----------------------------------------------

**૪ .બ**
NOG/77
પ્રકારઃપદ્ય મૌલિક
વિષયઃચિત્ર લેખન
શીર્ષકઃ ઝાલીને એકમેકનો હાથ★

શૈશવથી રમ્યા સાથે,
જીવન સંધ્યા ટાંણે રહીશું સાથે.
દઈશું જીવનભર એકમેકનો સાથ ,
ઝાલીને એકમેકનો હાથ !
યુવાનીમાં કર્યો
પ્રચંડ પ્રેમ,
એ કેમેય કરી
ઓછો થાય એમ ?
દઈશું જીવનભર એકમેકનો સાથ ,
ઝાલીને એકમેકનો હાથ !
અન્યોન્યનાં વિચારોને
સ્વિકાર્યા,
સારાં નરસાં બનાવોને
પણ આવકાર્યા.
દઈશું જીવનભર એકમેકનો સાથ ,
ઝાલીને એકમેકનો હાથ !
પહેલી નજરનાં પ્રેમની
એ શરૂઆત,
ક્યારેક ઈશારાઓથી
પણ કરી રજૂઆત.
દઈશું જીવનભર એકમેકનો સાથ ,
ઝાલીને એકમેકનો હાથ !
શબ્દોનો સહારો
હવે છે અપ્રગટ,
મૌનની મહેલાત
કરી છે અવગત .
દઈશું જીવનભર એકમેકનો સાથ ,
ઝાલીને એકમેકનો હાથ !
સતત રાહ જોતી
મારી આંખો,
હવે તો પ્રેમનાં ઈજહારને બાનમાં રાખો.
દઈશું જીવનભર એકમેકનો સાથ,
ઝાલીને એકમેકનો હાથ !
ઋતંભરા વિશ્વજીત
ઋત્વિશ્વ







# પંકજ કુમારને સોંપાયો ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવનો ચાર્જ

ગાંધીનગર,તા.૩૧

રાજયના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ સંગીતાસિંઘ આજે ૩૧મી ઓક્ટોબરે વયનિવૃત્ત થયા છે. ત્યારે તેમને એક્સટેન્શન આપવામાં આવ્યું નથી. તેમની ખાલી પડેલી આ જગ્યાએ તુંરત જ નિયુક્તિ કરવામાં આવી છે અને આજે શનિવારે તેમના વિભાગનો ચાર્જ સિનિયર અધિકારી પંકજકુમારને આપવામાં આવ્યો છે. પંકજકુમાર મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ છે. ગુજરાત સરકારમાં ફરજ બજાવતાં સિનિયર એવાં બે ઓફિસરો મજબૂત દાવેદારો હતા. જેમાં ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવના પદ પર હાલના વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્યસચિવ રાજીવકુમાર ગુપ્તા અને તેમની જેમ જ મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમાર દાવેદાર હતા. ચીફ સેક્રેટરીના પદ માટે આ બન્ને ઓફિસરો વચ્ચે ફરીથી હોડ જામી છે.

અલબત્ત, રાજયના મુખ્યસચિવ અનિલ મુકીમ ગયા ઓગસ્ટ મહિનામાં વયનિવૃત્ત થયા હતા પરંતુ તે પહેલા તેમને છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. તેઓ આ પદ પર ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી કાર્યરત છે, તેથી તેમના અનુગામીની પસંદગી તેમની વયનિવૃત્તિના આખરી મહિનાના અંતમાં કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૧ ઓક્ટોબરે ગુજરાતમાં છે. કેવડિયા સી-પ્લેનમાં અમદાવાદના રિવરફ્રન્ટ આવી રહ્યા છે. ત્યારે તેમની સાથે વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્યસચિવ રાજીવકુમાર ગુપ્તા રહેવાના છે. તેથી ત્યાં સુધી સંગીતસિંઘની જગ્યા ભરાશે નહીં પરંતુ કોઇ અધિકારીને વધારાનો હવાલો ન અપાય તો નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં આ પદ પર રાજીવકુમાર ગુપ્તા કે પંકજકુમારની પસંદગી થાય તેવી શક્યતા જોવામાં આવી રહી હતી. આ સ્થિતિમાં રાજીવકુમાર ગુપ્તાને ગૃહનો હવાલો આપવામાં આવે અને પંકજકુમારને નાણા વિભાગ સોંપવામાં આવે તેવી શક્યતા હતી. જોકે ગૃહનો વધારાનો ચાર્જ પંકજકુમારને સોંપવામાં આવ્યો છે.

# સમર્પણ એન.જી.ઓ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જુનાડીસા દ્વારા આજે કોરોના વોરિયર્સ સન્માન સમારોહ યોજાયો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



વિશ્વ વ્યાપી મહામારી કોરોના (કોવિડ-૧૯) ના કારણે લોકડાઉન સમય દરમ્યાન જે પણ સેવાભાવી લોકો,સંસ્થાઓએ પોતાના સ્વાસ્થ્ય કે પરિવાર ની ચિંતા કર્યા વગર રાષ્ટ્રહીત માં જે સેવા યોગદાન,સહયોગ અને અમૂલ્ય સમય એક કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવી છે એવા કોરોના વોરિયર્સ ને સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ જુના ડીસા દ્વારા સન્માનપત્ર પાઠવી સન્માનિત કરી ને વધુ માં વધુ સેવા ના કાર્યોને પ્રોત્સાહન મળે તે હેતુથી કોરોના વોરિયર્સ નું સન્માન કરવા માં આવ્યું જેમાં અતિથિ વિશેષ ધારાસભ્ય ડીસા શશીકાંતભાઈ પંડ્યા,ધારાસભ્ય કાંકરેજ કીર્તિસિંહ વાઘેલા, ડી.વાય.એસ.પી. ડીસા શ્રી કૌશલકુમાર ઓઝા , નાયબ મામલતદાર સાહેબ શ્રી દશરથભાઈ ઝાલા,પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયત બનાસકાંઠા કુમુદબેન જોશી, વાત્સલ્ય સેવા ટ્રસ્ટ ના પ્રમુખ જાગૃતિ બેન મહેતા ,વગેરે મહેમાનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો તેમજ આ કાર્યક્રમ નું સફળ આયોજન સમર્પણ ટ્રસ્ટ ના પ્રમુખ ગીતેશકુમાર જોશી તેમજ તમામ ટ્રસ્ટ ના સભ્યો દ્વારા કરવા માં આવ્યું હતું

### અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી પાસે ટ્રાફિકજામ

# ઈમર્જન્સી સેવા માટે ટ્રાફિકજામ જીવલેણ બની શકે છે,સિક્સલેનની કામગીરી થી લોકો તોબા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

દિલ્હીથી મુંબઈને જોડતો, અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે સાથે અનેક જગ્યાએ રોડ ખોદવામાં આવ્યો હોવાની સાથે હાઈવે પર ઠેર ઠેર ડાયવર્જન પણ આપવામાં આવ્યા છે હાઈવે પર દોડતા વાહનો ડાયવર્જનના પગલે અચાનક સામ સામે આવી જતા નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે શામળાજી નજીક આપવામાં આવેલ ડાયવર્ઝનના પગલે વારંવાર ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકો અને લોકો તોબા પોકારી ઉઠ્યા છે ટ્રાફિકજામમાં ઈમરજન્સી સેવા મેળવવા માટે બાધારૂપ બની રહ્યો હોવાનો શામળાજીના સ્થાનીક લોકોએ આક્ષેપ કર્યો હતો શુક્રવારે સવારે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી પાસે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. શામળાજીમાં ડાયવર્ઝનના કારણે સર્જાયો ટ્રાફિક જામ થયો છે. નેશનલ હાઈવેનું સિક્સલેનમાં રુપાંતરીત કરવાની કામગીરી ચાલી રહી હોવાથી એક સાઈડ ૫ કીમી થી વધુ લાંબો ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકો અટવાઈ ગયા હતા ટ્રાફિકજામ સર્જાતા પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પુર્વરત કરાયો હતો કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાયેલા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો

# ધનસુરા પોલીસની નાક નીચે ચાલતા વરલી-મટકાના સ્ટેન્ડનો પર્દાફાશ કરતી એલસીબી પોલીસ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લા પોલીસવડા સંજય ખરાતે જીલ્લામાં ચાલતી અસામાજિક પ્રવૃતિઓ સામે લાલ આંખ કરી જીલ્લા પોલીસ તંત્રને શખ્ત કાર્યવાહી કરવાના આદેશ આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓમાં રેસ જોવા મળી રહી છે અરવલ્લી એલસીબી પોલીસે ધનસુરા પોલીસ સ્ટેશનના નાક નીચે વડાગામમાં ધમધમતા વરલી-મટકાના સ્ટેન્ડ પર ત્રાટકી સ્થાનીક બે શખ્શોને દબોચી લઈ વરલી-મટકાના જુગાર લખવાની ડાયરી સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ધનસુરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અને જુગારધામ, વરલી-મટકાના સ્ટેન્ડ ફરીથી ધમધમી ઉઠ્યા હોવાની બૂમો ઉઠી રહી હતી ત્યારે અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમ ધનસુરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન વડાગામ ગામે ટાવર નજીક પાન-મસાલાના ગલ્લા ઉપર ખુલ્લી જગ્યામાં બિરેન્દ્રસિંહ ઉર્ફે પલ્લા બાપુ રાઠોડ તેના મળતીયાઓ સાથે વરલી-મટકાનો જુગાર રમાડતો હોવાની બાતમી મળતા તાબડતોડ એલસીબી પોલીસ બાતમી આધારિત સ્થળે ત્રાટકી ૧)વિષ્ણુ ઓધારભાઈ દેસાઈ અને વનરાજસિંહ પૂજેસિંહ બિહોલાને ઝડપી પાડી વરલી-મટકાના આંકાડા લખવા માટે ઉપયોગમાં લેવાતું સાહિત્ય,રોકડ રકમ રૂ.૧૮૦૦/- તથા મોબાઈલ નંગ-૧ કીં.રૂ.૫૦૦૦/ મળી કુલ.રૂ.૬૮૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### કોંગ્રેસ કૃષી બિલના વિરોધમાં રેલી યોજાતા કાર્યકરોની અટકાયત

# આમ આદમી પાર્ટી દુષ્કર્મની ઘટનાઓ અટકાવવા ચાર રસ્તા પર હલ્લાબોલ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



સરદાર પટેલ જન્મજયંતી ના દિવસે કેન્દ્ર સરકારના કૃષિ બિલને કૃષિ વિરોધી તથા કંપનીઓ માટે લાભ કરતાં અને ખેડૂતો માટે નુકસાન કરતાં જણાવી ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજ્યભરમાં ધરણા અને રેલી યોજી વિરોધ નોંધાવ્યો હતો ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના સર્કિટ હાઉસથી કોંગ્રેસે ×ખેડૂત વિરોધી એ સરકાર નહિ ચલેગી નહિ ચલેગી× ના નારા સાથે અને કૃષી બિલના વિરોધ પ્રદર્શિત કરતા બેનરો સાથે રેલી કાઢતા કોંગ્રેસની રેલી ચાર રસ્તા પહોંચે તે પહેલા પોલીસે કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકર્તાઓની અટકાયત કરી હતી

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ નજીક આવતા વિવિધ રાજકીય પક્ષો સક્રિય થઇ ગયા છે આમ આદમી પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ મોડાસા શહેરના ચાર રસ્તા પર ગુજરાત સહીત સમગ્ર દેશમાં દુષ્કર્મની ઘટનાઓ સતત બનતા દુષ્કર્મની ઘટનાઓ અંકુશમાં લેવા અને દુષ્કર્મીઓને શખ્ત સજા કરવામાં આવેની માંગ સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર સામે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવતા ટાઉન પોલીસે આમ આદમી પાર્ટીના કાર્યકરોની અટકાયત કરી હતી કોરોનાની વૈશ્વિક મહામારીમાં મોડાસા શહેરમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના વિરોધમાં સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા હતા પોલીસે પણ રાજકીય પાર્ટીઓના વિરોધ પ્રદર્શનના પગલે ભારે દોડધામ કરવી પડી હતી



માનનીય પ્રધાનમંત્રી શ્રી **Narendra Modi** જીએ દેશની પહેલી સી-પ્લેન સર્વિસ અને વોટર એરોડ્રામનું ઉદ્ઘાટન કર્યું હતું. સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની સી-પ્લેન સેવાથી યાત્રા વધુ સુગમ બનશે. માનનીય પ્રધાનમંત્રી શ્રી કેવડીયાથી અમદાવાદ સી-પ્લેન મારફતે આવ્યા હતા. ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ

# શરદ પૂનમના દિવસે અનાથ બાળકો ગરબે ઝૂમ્યા




સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ અને ગાંધીનગરના બાળકોને પોલીસ પરમીસન અને સામાજિક અંતર જાળવીને સરદ પૂનમના દિવસે ગરબા કરવામાં આવ્યા. બાળકો સાથે મોટા લોકો પણ ઉપસ્થિત રહી ગરબે ઘુમ્યા હતા. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ અને આનંદ પારેખ, સાથે અહિયાં મહેમાનશ્રીઓ ચાંદનીબેન નેભનાણી, ભાવિનભાઈ સોલંકી, ઉમેશભાઈ સથવારા, નીતિન રાજપૂત, પ્રીન્સી પટેલ, હર્ષ જોશી, જીતેન શેખાની, વિપુલભાઈ સુથાર, ગીરીશ પારેખ . ઉપસ્થિત રહી માતાજીની (આરતી)આરાધના કરી હતી. સરદ પૂર્ણિમાનો મહિમા સમજાવ્યો, અને છોકરીઓને થતી સમસ્યા વિશે વાત કરી હતી અને તેમને કેવા કેવા પ્રોબ્લેમ ફેસ કરવા પડે છે તેનાથી પહોચી વળવા તેમને સચોટ માર્ગદર્શન આપ્યું હતું.

# મોડાસા શહેરમાં જાયન્ટ્સ પરિવારે સરદાર પટેલ જન્મ જયંતિની ઉજવણી કરી આંટી પહેરાવી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સરદાર પટેલની ૧૪૫ મી જન્મજયંતી પર દેશભરમાં આજે એકતા દિવસ ઉજવાઈ રહ્યો છે. ત્યારે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી ની ઉજવણી જાયન્ટસ મોડાસા દ્વારા કરવામાં આવી હતી મોડાસાના શહેરીજનો સાથે રહી મોડાસા જાયન્ટસ દ્વારા ઓધારી તળાવ કિનારે આવેલા સરદાર વલ્લભભાઈ ના સ્ટેચ્યુ ને ખાદીની આંટી ફુલ હાર પહેરાવી તેમને કરેલા કામોને આજના યુવાનો તેમાંથી પ્રેરણા લે અને દેશની એકતા અને વિકાસ માટે કામ કરે તેવી અપીલ કરી હતી આ પ્રસંગે પીપલ્સ ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન નીલેશ જોશી, જાયન્ટસ પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી પ્રવીણ પરમાર, ભગીરથ કુમાવત, ધર્મેન્દ્ર ત્રિવેદી, જીમી શાહ તથા નગરપાલિકાના પ્રમુખ નગરસેવકો કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સરદાર પટેલ જન્મ જયંતિ નિમિતે પાલનપુરમા

# રન ફોર યુનિટી કાર્યક્રમ અંતર્ગત કોરોના ને હરાવવા માટે મીની મેરેથોન દોડ યોજાઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત




સરદાર પટેલ જન્મ જયંતિ નિમિતે પાલનપુર માં રન ફોર યુનિટી કાર્યક્રમ અંતર્ગત કોરોના ને હરાવવા માટે મીની મેરેથોન દોડ યોજાઈ હતી. છેલ્લા કેટલાય મહિનાઓ થી સમગ્ર વિશ્વ સહિત ભારત દેશ માં કોરોના ને લઈ લોકો ભય માં જીવી રહ્યા છે.

લોક ડાઉન માં લોકો ઘરમાં બેસી રહ્યા છે. ધંધા રોજગાર ની ચિંતા માં લોકો માનસિક તેમજ શારીરિક સંતુલન ગુમાવતા જોવા મળ્યા છે.ત્યારે આ કોરોના સામે ની લડાઈ માં લોકો ની શારીરિક શક્તિ વધે તેમજ એક પોઝિટિવ એક્ટિવિટી નું સંચાર થાય તેવા હેતુ સાથે પાલનપુર નિસ્વાર્થ સેવા સંગઠન દ્વારા આ મિની મેરેથોન દોડ નું આયોજન કરવામાં આવ્યું હતું.ત્યારે કોરોના ના આવ્યા ના ઘણા સમય બાદ યોજાયેલી આં મીની મેરેથોન દોડ માં ઈન્ટરનેશનલ મેરેથોન રનર નીરમાબેન ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. પાલનપુર એરોમા સર્કલ થી ચડોતર ગામ સુધી ૫ કિલો મીટરની દોડ યોજાઈ હતી.જેમાં પાલનપુર શહેર તેમજ આજુબાજુ ના ગામડાઓ માંથી તેમજ બાજુના જિલ્લાઓ માંથી મોટી સંખ્યામાં યુવાનો અને બહેનો સહિત વડીલો એ પણ ભાગ લીધો હતો.

આ મિની મેરેથોન દોડ માં હેતલ ચમાર નામની બહેને પ્રથમ રહી મેરેથોન વિજેતા બની હતી.શહેર ના ઇઅર્જ આર કે પટેલ, બનાસડેરીના એમડી કામરાજ ચૌધરી, ભાજપ અગ્રણી ગીરીશ જગાણીયા, જાણીતા તબીબ ડો.સુરેન્દ્ર ગુપ્તા, ડો.જગદીશ ઠાકોર, આયોજક નીતિન ઠાકોર સહિત મોટી સંખ્યામાં લોકો આ મેરેથોન દોડ માં ભાગ લીધો હતો..

### વારંવાર મહિલા હોવાનો લાભ ઊઠાવી રહેલી

# માણાવદરની જાણીતી મહિલા બુટલેગર ને સૌ પ્રથમવાર જેલમાં ધકેલતી માણાવદર પોલીસ

માણાવદરના બસ સ્ટેશન સામે આવેલ ખારા કાંઠા વિસ્તારમાં રહી રાત્રે દારૂનો મોટાપાયે ધંધો કરતી નામચીન મહિલા બુટલેગરની ભારે જેહમત બાદ ધરપકડ કરી માણાવદર પોલીસે સૌ પ્રથમ વાર મહિલા ને જેલમાં ધકેલી

આ અંગે પોલીસ બેડામાંથી પ્રાપ્ત થતી વિગત મુજબ માણાવદરના ખારા કાંઠા ના રાવળપરા માં રહીને દેશી દારૂનો ધંધો કરતી ખતુબેન હબીબભાઈ અબ્દુલભાઈ લાડક ( જૂણેજા) નામની મહિલા દેશી દારૂ ના ધંધામાં મોટાપાયે સંડોવાયેલ હોય અને તેમના ઉપર ૧૫ જેટલા કેસો થયેલા હોય પરંતુ પોતે મહિલા હોવાથી રાત્રિના સમયે પોલીસ મહિલા ની ધરપકડ ન કરી શકે એ કાનૂનનો લાભ ઉઠાવી તે વારંવાર ફરાર થઈ જતી અને રાત્રે પાછી આવીને પોતાનો દારૂ વેચવાનો ધંધો ચાલું કરી દેતી

તેમના ઉપર દારૂબંધી અંગેના પાંચ કેસમાં ફરાર હોય જે સંદર્ભમાં માણાવદર પોલીસે તેને દિવસના દબોચી નામદાર માણાવદર કોર્ટમાં જજ સાહેબ પાસે રજૂ કરતા તેના વિરૂદ્ધ દલીલો કરતા જે દલીલો કોર્ટ એ માન્ય રાખી સૌ પ્રથમ વખત મહિલા બુટલેગરને જૂનાગઢ જેલમાં ધકેલી દેવાઇ હતી

આ મહિલા બુટલેગર ઉપર ચાલીસ લીટર તથા પંદર લિટર દારૂના કેસની તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ કે.જે.ડાભી ચલાવતા હતા તેમની મદદમાં પો. રાઈટર સતીષભાઈ વારગીયા હતા વારંવાર મહિલા હોવાનો લાભ ઉઠાવતી મહિલા અંતે પાંજરે પુરાઇ હતી..

રીપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

### સ્કૂલબેગમાં પુસ્તકો નહિ....પણ હતી શરાબની બોટલો

# મોડાસા ટાઉન પોલીસે રાજસ્થાની બુટલેગરને ડુંગરવાડા ચોકડી નજીકથી ૩૦ બોટલ સાથે ઝડપ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી નામ પૂરતી રહી છે રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં શરાબના શોખીનો વધતા બુટલેગરો નો પણ ટોટો નથી વિદેશી દારૂની માંગો તે બ્રાન્ડનો દારૂ સહેલાઇ થી મળી રહ્યો છે બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અનેક પ્રકારના કીમિયા અપનાવી રહ્યા છે ત્યારે સ્કૂલબેગમાં વિદેશી દારૂની મોંઘીદાટ દારૂની હેરાફેરી શરૂ થતા પોલીસ પણ અચંબિત બની છે મોડાસા ટાઉન પોલીસે ડુંગરવાડા ચોકડી નજીકથી બે સ્કૂલબેગ સાથે પસાર થતા શખ્શને અટકાવી સ્કૂલબેગની તલાસી લેતા બેગ માંથી ૩૦ બોટલ વિદેશી દારૂની બોટલ મળી આવતા રાજસ્થાની ખેપીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મોડાસા ટાઉન પીઆઈ સી પી વાઘેલા અને તેમની ટીમે બાતમીના આધારે ડુંગરવાડા ચોકડી નજીકથી બે સ્કૂલબેગ ભરાવી પસાર થતા ખેપીયાને અટકાવી તલાસી લેતા સ્કૂલબેગ માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૦ કીં.રૂ.૬૦ હજારનો જથ્થો મળી આવતા ટાઉન પોલીસે સ્કૂલબેગ માં દારૂની ખેપ મારી રહેલા લાલચંદ કનૈયાલાલ અસારી (રહે,ભોમટાવાડા, ખેરવાડા-રાજસ્થાન) ને દબોચી લઈ વિદેશી દારૂ,મોબાઈલ મળી કુલ રૂ.૩૧૦૦૦/- નો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

### પોકેટ કોપ મોબાઈલ એપનો કમાલ

# ગાંધીનગર રખિયાલ નજીક સગીરાનું અપહરણના ગુન્હામાં નાસતો-ફરતા યુવકને માલપુર પોલીસે દબોચ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અપહરણ,ગુમ થયેલ અને વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઉકેલવા અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા જીલ્લા પોલીસતંત્રને માર્ગદર્શન અને સૂચના આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓ સતત દોડધામ કરી રહી છે માલપુર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન ચાર રસ્તા પર શંકાસ્પદ હાલતમાં જોવા મળેલ યુવકને અટકાવી પૂછપરછ કરી પોકેટ કોપ મોબાઈલ એપમાં યુવકનું નામ સર્ચ કરતા યુવક સામે ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ પોલીસ સ્ટેશનમાં સગીરવયની કિશોરીનું અપહરણના ગુન્હાનો આરોપી હોવાનું જણાઈ આવતા યુવકની અટકાયત કરી રાખીયાલ પોલીસને સુપ્રત કર્યો હતો

માલપુર પીઆઈ એફ એલ રાઠોડ અને તેમની ટીમ માલપુર નગરમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું માલપુર ચાર રસ્તા પર એક યુવકની શંકાસ્પદ ગતિવિધિ જણાતા તેને અટકાવી પૂછપરછ કરતા તેનું નામ રૂદ્રપાલસિંહ ભરતસિંહ રાઠોડ હોવાનું જણાવતા પીઆઈ એફ એલ રાઠોડે યુવકનું નામ પોકેટ કોપ મોબાઈલ એપમાં નાખતા યુવક વિરુદ્ધ રખિયાલ પોલીસ સ્ટેશનમાં સગીરાનું અપહરણનો ગુન્હો નોંધાયેલ હોવાનું અને આરોપી અપહરણનો ગુન્હો આચરી નાસતો ફરતો હોવાથી તેની અટકાયત કરી લીધી હતી સગીર કિશોરીનું અપહરણ કરનાર વિજાપુર તાલુકાના સોજા ગામનો રૂદ્રપાલસિંહ ભરતસિંહ રાઠોડ શિવમ સોસાયાટી તલોદ (સાબરકાંઠા) માં રહેતો હોવાનું જણાવ્યું હતું માલપુર પોલીસ રૂદ્રપાલસિંહને રખિયાલ પોલીસને સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી માલપુર પોલિસીની સતર્કતા અને પોકેટ કોપ મોબાઈલ એપ્લિકેશનની મદદથી અપહરણના ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.